# જેના પાયામાં છે પિતાનું કમિટમેન્ટ, પુત્રોનું વિઝન

**ફેમિલી બિઝનેસ**

• **સિટી રિપોર્ટર** . અમદાવાદ

'બહુ પહેલેથી જ સ્પષ્ટતા હતી કે બિઝનેસ કરવો છે, પિતાના પગલે જ ચાલવું છે. ભણ્યા પછી યુએસથી પાછા ફરતા દુબઈમાં સિમેન્ટ ઉદ્યોગકારોની કોન્ફરન્સ અગાઉ પિતાએ કહ્યું કે કોન્ફરન્સ અટેન્ડ કરીને આગળ વધજે. એ કોન્ફરન્સ મારી જોબની શરૂઆત હતી.' સાંઘી ઈન્ડસ્ટ્રીઝ લિ.ના ડિરેક્ટર આલોક સાંઘી તેમની કારકિર્દીની શરૂઆતને આમ સાદી રીતે વર્ણવે છે. મૂળ હૈદરાબાદના સાંઘી પરિવારના ઉદ્યોગની વિવિધ શાખાઓમાંથી સિમેન્ટ ઉદ્યોગ સૌથી વધુ વિકસેલો છે જેના બે પાયા છે આદિત્ય અને આલોક સાંઘી. આદિત્ય મોટા પુત્ર છે અને ભૂજમાં પ્લાન્ટ, ટેક્નિકલ પાસાં, પ્રોજેક્ટ ડેવલપમેન્ટ સંભાળે છે. તેઓ રોચેસ્ટર ઈન્સ્ટિ. યુએસમાંથી ઈન્ડસ્ટ્રીઅલ એન્જિ. ભણ્યા છે. સૌથી નાના પુત્ર આલોક


1

રવિ સાંઘી


2

આદિત્ય સાંઘી


3

આલોક સાંઘી

અમદાવાદ કોર્પોરેટ ઓફિસમાંથી સપ્લાય ચેઈન, એચઆર, કોમર્શિયલ પાસું, માર્કેટિંગ, ઈમ્પોર્ટ-એક્સપોર્ટ સંભાળે છે. સ્કૂલથી જ પિતા મિટિંગ્ઝ-પ્રેઝન્ટેશન્સનો અનુભવ મળે તે માટે ઓફિસ બોલાવતા એમ જણાવતા તેઓ ઉમેરે છે, 'યુએસમાં ઈન્ડિયાના યુનિવર્સિટીમાં ભણતો ત્યારે વેકેશન્સમાં અને તે પછી અન્ય કોર્પોરેટ્સમાં કામ કરવાનો અનુભવ લીધો. ડીએસપી મેરિલીન્ચ મુંબઈ, પછી ન્યૂયોર્કમાં કામ કર્યું ત્યારે ટ્રેઈની તરીકે મેળવેલું એક્સપોઝર અગત્યનું હતું. બિઝનેસને વધારે ઓર્ગેનાઈઝ્ડ, એફિશિયન્ટ બનાવે તેવો દરેક બદલાવ અમલમાં મૂક્યો છે.' તો આલોક કહે છે, 'અમુક તબક્કે દલીલો થાય પણ અંતે તો ધ્યેય પ્રાપ્તિ અગત્યની છે. જૂની પેઢી માટે પ્રક્રિયા અગત્યની છે તો નવી પેઢીને સવાલના જવાબ જોઈએ. પરસ્પર વિશ્વાસ જ બિઝનેસ માટે ઊર્જા વધારનારો સાબિત થયો છે.'

બંનેના પિતા અને સાંઘી ઈન્ડસ્ટ્રી લિ.ના સીએમડી રવિ સાંઘી કહે છે, 'મને મારા દીકરાઓ પર ગર્વ છે. તેઓ બિઝનેસને નવા આયામોમાં વિસ્તારી રહ્યા છે અને તેમનું વિઝન દૂરંદેશી અને વધુ સુઆયોજિત છે.'